# એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ કોર્ષિસ (ગુજરાત સરકાર)

એલ. ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૧૫. ● ફોન : (૦૭૯) ૨૬૩૦૦૩૬૦
ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૪૧૧૮ ● ઈ-મેઈલ : info@jacpcldce.ac.in ● વેબસાઈટ : http://www.jacpcldce.ac.in


## ઈજનેરી અને ફાર્મસી અભ્યાસક્રમોમાં ઓનલાઈન એડમિશન (વર્ષ ૨૦૧૦) માટેની સૂચનાઓ

૧. ઈજનેરી અને ફાર્મસી અભ્યાસક્રમોમાં ઓનલાઈન એડમિશનમાં ભાગ લેવા માટે નજીકના કોઈપણ હેલ્પ સેન્ટર પર જરૂરી રજિસ્ટ્રેશન ફી રૂ. ૩૫૦/- ચૂકવી માહિતી પુસ્તિકા (ગુપ્ત PIN નંબર સાથે) મેળવી લેવાની રહેશે. હેલ્પ સેન્ટરની યાદી **www.jacpcldce.ac.in** અને **www.gujacpc.nic.in** પર જોવા મળશે.

૨. ઓનલાઈન એડમિશન માટે www.gujacpc.nic.in પર જરૂરી માહિતી ભરીને ઉમેદવારે રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. વધુ માહિતી માટે પ્રવેશ સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in વેબસાઈટ જોતા રહેવું અથવા હેલ્પ લાઈન ફોન નં. ૨૬૮૫૫૪૪૪ ઉપર સંપર્ક કરવો.

૩. રજિસ્ટ્રેશન ફોર્મ ઓનલાઈન ભર્યા બાદ, તેની પ્રિન્ટ-આઉટ લઈ જરૂરી અસલ (વેરીફીકેશન માટે) અને સ્વપ્રમાણિત દસ્તાવેજ/પ્રમાણપત્રો સાથે નજીકના હેલ્પ સેન્ટર પર નિર્ધારિત સમય મર્યાદામાં જમા કરાવી **રજિસ્ટ્રેશન એકનોલેજમેન્ટ સ્લીપ (Registration Acknowledgement Slip)** મેળવી લેવાની રહેશે અન્યથા પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લઈ શકાશે નહીં.
**(સૂચનાઃ આપનો પાસવર્ડ અને PIN નંબર ગુપ્ત રાખવો)**

૪. રજિસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નિર્ધારિત તારીખે www.gujacpc.nic.in વેબસાઈટ ઉપર આપના રજિસ્ટર કરેલા લોગ-ઈન આઈડી અને password પર આપનો પ્રોવિઝનલ મેરીટ નંબર જોઈ શકશો.

૫. મેરીટ નંબર જાહેર થાય બાદ મોક રાઉન્ડમાં ભાગ લેવા માટે નિયત સમયમર્યાદામાં તમારી પસંદગી(Choice)ની સંસ્થા અને પસંદગીની વિદ્યાશાખા ક્રમવાર ઓનલાઈન ભરવાની રહેશે. ત્યારબાદ આપે આપેલ પસંદગી અને આપના મેરીટ નંબર અનુસાર આપને મોકરાઉન્ડને અંતે મોક પ્રવેશ ફાળવવામાં આવશે.
**(સૂચના : મોક રાઉન્ડમાં ફાળવેલ પ્રવેશ અંતિમ પ્રવેશ નથી. એ ઓનલાઈન એડમિશન પ્રક્રિયા સમજવા માટેનું એક દ્રષ્ટાંત છે. આ રીતે ઓનલાઈન એડમિશન પ્રક્રિયા સમજવા માટે બે મોક રાઉન્ડ આપવામાં આવશે.)**

૬. ત્યારબાદ ખરેખર એડમિશન પ્રક્રિયા માટેની પસંદગી નિર્ધારિત સમયમર્યાદામાં આપવાની રહેશે. **(આપે કોઈ પસંદગી આપેલ નહીં હોય તો સીટ ફાળવણી અંગેની પ્રક્રિયામાં આપનો સમાવેશ કરી શકાશે નહીં.)**

૭. તમામ વિદ્યાશાખા તથા સંસ્થાની ક્રમવાર પસંદગી આપ્યા બાદ આપની પસંદગી (Choice) **'લોક'(Lock)** કરવાની રહેશે. પસંદગી લોક કરવા માટે આપને માહિતી પુસ્તિકા સાથે ફાળવવામાં આવેલો PIN નંબર આપવાનો રહેશે. કોઈ કારણસર આપને પસંદગીમાં ફેરફાર કરવાનો થાય, તો પસંદગી યાદી **'અનલોક' (Unlock)** કરવાની રહેશે. જે માટે ફરી PIN નંબર આપવાનો રહેશે.

૮. જો તમને પ્રવેશ ફાળવવામાં આવે, તો તમારે www.gujacpc.nic.in વેબસાઈટ પર **લોગઈન** થઈ **પ્રોવિઝનલ એલોટમેન્ટ લેટર (Provisional Allotment Letter) બે નકલ** તથા **ટોકન ટ્યુશન ફી ચલન (Token Tuition Fee Challan)** ની પ્રિન્ટ આઉટ લેવાની રહેશે.

૯. ત્યારબાદ ટોકન ટ્યુશન ફી ચલન (Token Tuition Fee Challan)ની કોપી સાથે હેલ્પ સેન્ટર ખાતે આવેલ બેન્ક કાઉન્ટર અથવા સમિતિએ નિર્ધારિત કરેલ બેંકની કોઈપણ નિયુક્ત કરેલી શાખા પર જઈ ફી ભરવાની રહેશે. ફી ભર્યા બાદ, ફી ભર્યાની પહોંચ, પ્રોવિઝનલ એલોટમેન્ટ લેટર અને જરૂરી દસ્તાવેજો (અસલમાં તેમજ સ્વપ્રમાણિત નકલ) સાથે લઈ હેલ્પ સેન્ટર પર નિયત સમયમર્યાદામાં રિપોર્ટીંગ કરાવવાનું રહેશે. રિપોર્ટીંગ થયા બાદ પ્રવેશ ફાઈનલ કર્યા અંગેની **એડમિશન એકનોલજમેન્ટ સ્લીપ (Admission Acknowledgement Slip)** દરેક ઉમેદવારે ફરજિયાત મેળવી લેવાની રહેશે અન્યથા મળેલ પ્રવેશ ગ્રાહ્ય ગણાશે નહીં.

૧૦. જો નિર્ધારિત સમયમર્યાદામાં હેલ્પ સેન્ટર પર આપના દ્વારા રિપોર્ટીંગ નહીં કરાવવામાં આવે તો આપને ફાળવવામાં આવેલ પ્રવેશ આપોઆપ રદ થશે.

૧૧. ફાળવવામાં આવેલ પ્રવેશ સ્વીકાર્યા બાદ, **એડમિશન એકનોલેજમેન્ટ સ્લીપ (Admission Acknowledgement Slip)** સાથે આપ જે-તે સંસ્થા ખાતે હાજર થઈ શકશો.
**(નોંધ : જ્યાં સુધી પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા અંગેની જાહેરાત ન થાય, ત્યાં સુધી કોઈપણ ઉમેદવારે પોતાના અસલ પ્રમાણપત્રો સંસ્થા ખાતે જમા કરાવવાના રહેશે નહીં તેમજ વધારાની કોઈપણ ફી ભરવાની રહેશે નહીં.)**

૧૨. જો આપ પછીના રાઉન્ડમાં ભાગ લેવા ઇચ્છતા હોવ તો તે માટે લેખિત સંમતિ નજીકના હેલ્પ સેન્ટર ખાતે આપવાની રહેશે.

૧૩. પુનઃપ્રવેશ માટે નિયત સમયમર્યાદામાં સંસ્થા અને વિદ્યાશાખાની ક્રમવાર પસંદગી (Choice) કરવાની રહેશે. આ માટે આપ....
(અ) આપની જૂની પસંદગી યાદી ચાલુ રાખી શકશો
(બ) તેમાં ક્રમને ફેરબદલ કરી શકશો
(ક) નવી પસંદગી નાંખી શકશો અને
(ડ) જૂની પસંદગી રદ પણ કરી શકશો.

૧૪. જો આપને નવી પસંદગી પ્રમાણે પ્રવેશ મળે તો, આપે પ્રવેશ પ્રક્રિયા ક્રમ-૯ થી ક્રમ-૧૧ અનુસારની પ્રક્રિયા ફરી કરવાની રહેશે.

૧૫. નવી પસંદગી યાદી પ્રમાણે પ્રવેશ ન મળે તો અગાઉના રાઉન્ડમાં મળેલ પ્રવેશ ચાલુ રહેશે.

**અગત્યની સૂચનાઓ :**

**૧. આપનો Password તથા માહિતી પુસ્તિકા સાથે આપવામાં આવેલ PIN નંબર અત્યંત ગુપ્ત રાખશો. Password તથા PIN નંબર કોઈને જાણવા/જણાવવા દેશો નહીં. આ બંનેની મદદથી કોઈપણ વ્યક્તિ તમારી રજિસ્ટ્રેશન અંગેની વિગતો, પસંદગી યાદી તથા અન્ય માહિતી બદલી શકે છે, આવા કિસ્સામાં પ્રવેશ સમિતિ જવાબદાર રહેશે નહીં.**

**૨. જો આપ Password ભૂલી જાવ તો, રજિસ્ટ્રેશન વખતે આપેલ માહિતી ફરીથી આપી નવો Password ઓનલાઈન મેળવી શકશો.**

**૩. જો આપ PIN નંબર ભૂલી જાવ અથવા તે નંબર ખોવાઈ જાય તો, જરૂરી ફી ભરી તેમજ આપ યોગ્ય ઉમેદવાર છો તે અંગેના પુરાવા રજૂ કરી એડમિશન કમિટિ, અમદાવાદ ખાતેથી નવો PIN નંબર મેળવી શકશો.**

**૪. જો આપ TFWS (Tuition Fee Waiver Scheme) 'ફી માફી યોજના'માં ભાગ લેવા માંગતા હોવ તો, હેલ્પ સેન્ટર પર રિપોર્ટીંગ સમયે આપની આવક રૂા. ૨.૫૦ લાખથી ઓછી હોવા અંગેનું ગુજરાત સરકારના સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલું, તા. ૩૧-૦૩-૨૦૧૦ પછીનું, આવકનાં પ્રમાણપત્રની પ્રમાણિત નકલ જોડવી જરૂરી છે.**

**૫. જો આપ અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિની અનામત બેઠક ઉપર પ્રવેશ મેળવવા ઇચ્છતા હોવ તો, તે અંગેનું ગુજરાત સરકારના સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલા પ્રમાણપત્રની પ્રમાણિત નકલ હેલ્પ સેન્ટર પર રિપોર્ટીંગ સમયે જોડવી જરૂરી છે.**

**૬. જો આપ સામાજિક તથા શૈક્ષણિક રીતે પછાત વર્ગની અનામત બેઠક ઉપર પ્રવેશ મેળવવા ઇચ્છતા હોવ તો, જાતિ પ્રમાણપત્ર અને ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોવા અંગેનું ગુજરાત સરકારના સક્ષમ અધિકારીનું તા. ૩૧-૩-૨૦૧૦ બાદ આપવામાં આવેલાં પ્રમાણપત્રની પ્રમાણિત નકલ હેલ્પ સેન્ટર પર રિપોર્ટીંગ વખતે જોડવી જરૂરી છે.**

**૭. જો આપ નોકરીમાં ચાલુ/રીટાયર્ડ સૈનિકના સંતાન હોવ અને તેની અનામત કક્ષાની બેઠક ઉપર પ્રવેશ મેળવવા ઇચ્છતા હોવ તો, તે અંગેનું સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલાં પ્રમાણપત્રની પ્રમાણિત નકલ હેલ્પ સેન્ટર પર રિપોર્ટીંગ વખતે જોડવી જરૂરી છે.**

**૮. જો આપ શારીરિક ખોડખાંપણ (Physically disabled) ધરાવતા હોવ અને તેની અનામત કક્ષાની બેઠક ઉપર પ્રવેશ મેળવવા ઇચ્છતા હોવ તો, માહિતી પુસ્તિકામાં આપવામાં આવેલ શારીરિક ખોડખાંપણ અંગેના પ્રમાણપત્રના નમૂનામાં સિવિલ સર્જન (જિલ્લા કક્ષા)ના સહી-સિક્કા સાથેની અસલ કોપી રજિસ્ટ્રેશન ફોર્મ સાથે હેલ્પ સેન્ટર પર રિપોર્ટીંગ વખતે જોડવી જરૂરી છે.**

**સ્વર્ણિમ જયંતિ પ્રસંગે ગુજરાતની પ્રગતિ માટે ઉત્તમ સંકલ્પ કરીએ.... જય જય ગરવી ગુજરાત**

# THE ADMISSION COMMITTEE FOR PROFESSIONAL COURSES [GUJARAT STATE]

L. D. College of Engineering Campus, Navrangpura, Ahmedabad-15. • Phone : **(079) 26300360**
Telefax : **(079) 26304118** • E-mail : **info@jacpcldce.ac.in** • Website : **http://www.jacpcldce.ac.in**

## GUIDELINES FOR ONLINE ADMISSION (YEAR 2010) PROCESS FOR ENGINEERING & PHARMACY COURSES

1. To participate for online admission, it is required to pay Registration Fee Rs. 350/- and obtain "Information Booklet" (with PIN number) from nearest Help Centre. The list of Help Centres are available on website **www.jacpcldce.ac.in** & **www.gujacpc.nic.in**
2. For online admission, please log on to website www.gujacpc.nic.in and register with the relevant information. For details & updated information keep watching website www.jacpcldce.ac.in or contact on help line telephone No. 26855444.
3. After filling up registration form online, it is compulsory to take its print out and submit it with original (for verification) and self-attested copies of relevant documents/ certificates at the nearest Help Centre and obtain a **"Registration Acknowledgement Slip"** within the stipulated time limit, failing which you will be disqualified for the admission process.
   **(Note: Please keep your Login Password and PIN number secret)**
4. After successful completion of registration process, provisional merit number will be allotted on a stipulated date on your registered login ID on website www.gujacpc.nic.in
5. After declaration of merit number, in order to participate in the MOCK round, one has to fill the choice of institute and branch online as per their preference. It has to be in proper sequence and filled within the stipulated time period.
   **(Note: The seat allotted in MOCK round does not indicate final admission. This is a trial undertaken to demonstrate the online admission process to the candidate before the candidate takes up the process for final allotment of seats. There will be at least TWO Mock rounds before actual allotment of seats)**
6. After the MOCK round, please get prepared for the final admission process. Fill up the choice of institute and branch in proper sequence as per your final preference and submit the form online within the given stipulated time limit.
   (If you do not fill any choice in the online form for final admission, your name cannot be considered in the seat allotment process.)
7. Once the choice of institute and branch is finalized in the online admission form, you have to LOCK the CHOICE SQUENCE by entering the PIN number allotted to you with your information booklet. In case, you need to reconsider and modify your choice sequence after locking, then you can UNLOCK it by entering the PIN number.
8. When the admission is allotted to you, login to your ID on the website www.gujacpc.ac.in and take a print out of **PROVISIONAL ALLOTMENT LETTER** (2 copies) and **TOKEN TUITION FEE CHALLAN** (1 copy).
9. After that, you have to remit requisite token fee at a Bank Counter situated at Help Centre or any designated branch decided by committee with copy of **TOKEN TUITION FEE CHALLAN.** After payment of fee, you have to report at your nearest Help Centre with copy of BANK CHALLAN, PROVISIONAL ALLOTMENT LETTER & other required documents (in original as well as self-attested copy) within the stipulated time limit. You have to obtain an **ADMISSION ACKNOWLEDGEMENT SLIP** from the Help Centre, without which your admission will not be confirmed.
10. If you have not reported at Help Centre within the stipulated time limit, the admission granted to you will be cancelled invariably.
11. After acknowledging the allotted admission, you may report at the admitted institute with **Admission Acknowledgement Slip**.
    **(Note: Until and unless the Committee declares the admission process as concluded, you need not submit your original certificates and also not pay any additional fee at the admitted institute)**
12. If you wish to take part in the next round of allotment, you have to give written consent at your nearest Help Centre.
13. To participate in the next round of admission, you have to fill up again your choice of institute and branche on preferential order online within the stipulated time limit. For this…
    (a) You can **retain** your existing choices;
    (b) You can **modify** the order of preference;
    (c) You can **add** new choices;
    (d) You can **delete** from existing choices.
14. If you get admission as per revised choice list, your previous admission shall automatically cancel and you have to repeat the procedure as mentioned at Sr.No.9 to 11.
15. If you do not get admission as per revised choice list, your existing admission will continue.

**IMPORTANT INSTRUCTIONS:**

1. Keep your **Login Password** and **PIN number** secret. Do not disclose it in any case to others. With the help of **Login Password** and **PIN number** any one can alter your registration details, choice list and other important information. The Admission Committee shall not be held responsible for any such alterations in your online form.
2. If you forget your password, you can obtain new password by entering the information filled at the time of registration.
3. If you forget or loose your PIN number, you can obtain new PIN number by producing proof of your identity from the Admission Committee office at Ahmedabad by cash payment of certain fee.
4. If you are eligible for Tuition Fee Waiver Scheme and are willing to avail the benefit of the same, you have to produce the attested copy of the relevant certificate issued by competent authority of Govt. of Gujarat after 31.3.2010 stating that the total annual income of your family from all sources does not exceed Rs.2.50 lakhs, at the time of reporting at Help Centre.
5. If you belong to Scheduled Caste (SC) or Scheduled Tribe (ST) category and are willing to obtain admission on the reserved seats, you have to produce the attested copy of the certificate to that effect issued by competent authority of Govt. of Gujarat at the time of reporting at Help Centre.
6. If you belong to Socially & Economically Backward Class category, and are willing to obtain the admission on the reserved seats, you have to produce the attested copy of the Caste Certificate and non inclusion in Creamy-layer certificate to that effect issued by competent authority of Govt. of Gujarat after 31.3.2010 at the time of reporting at Help Centre.
7. If you are a ward of In/Ex Serviceman and are willing to obtain admission on the reserved seats, you have to produce the attested copy of the certificate issued by competent authority at the time of reporting at Help Centre.
8. If you are a Physically Handicapped (PH) candidate, and are willing to obtain admission on the reserved seats, you have to attach with registration form, the original copy of the proforma provided in the Information Booklet, issued by Civil Surgeon of Govt. Hospital (District) at the time of reporting at Help Centre.

**સ્વર્ણિમ જયંતિ પ્રસંગે ગુજરાતની પ્રગતિ માટે ઉત્તમ સંકલ્પ કરીએ.... જય જય ગરવી ગુજરાત**